# શ્લોક : ૪

## બુધ ગ્રહ (મરક્યુરી) નો મંત્ર અને મરકત (પન્ના, લીલમ) રત્ન (એમરાલ્ડ)

બુધ ગ્રહના દોષ નિવારણ માટે અલૌકિક બુધ સ્વરૂપ શ્રી ગોવિન્દરાયજીનું ધ્યાન રાખી તેમના સમ્બન્ધી જપ કરવાથી બુધના દોષ દૂર થાય છે.

ગ્રહ : બુધ , ગ્રહ નું નામ : શ્રી ગોવિન્દજી , શાંતિ માટે જપની સંખ્યા : ૩૨૦૦૦
ઠાકોરજીને ભોગની સામગ્રી : નુક્તિક, સેવ ના લાડુ.
૩૨ વૈષ્ણવોને પ્રસાદ લેવડાવવો , ગ્રહ નો પ્રભાવ : ૩૦ દિવસ
સેવનીય સ્વરૂપ : શ્રી વિઠલનાથજી , ગાદી : ૨ , ગાંવ : શ્રીનાથજી







અજ્ઞાનાદથવા જ્ઞાનાત્ કૃતમાત્મનિવેદનમ્ |
યૈઃ કૃષ્ણસાત્કૃત પ્રાણૈસ્તેષાં કા પરિદેવના ||૪||

શબ્દાર્થ : અજ્ઞાનાત્=અજ્ઞાનથી,।જાણપણે, અથવા=અથવા, જ્ઞાનાત્=જ્ઞાનથી, જાણતાં, કૃતમ=કરેલું છે, આત્મનિવેદનમ્=આત્મનિવેદન, યૈઃ=જેમણે, કૃષ્ણસાત્=કૃષ્ણ સાથે, કૃતપ્રાણૈઃ=પ્રાણને જોડ્યા છે. તેષાં=તેનમે, કા=શી, પરિદેવના=વિલાપ, ચિંતા.

ભાવાર્થ : જે જીવોએ પોતાનુ સર્વસ્વ પ્રભુને આત્મનિવેદન કર્યુ છે તેમણે લૌકિક કે અલૌકિક કોઈપણ બાબતમાં ચિંતા કરવાની જરૂર નથી.